| | | | | | |
|---|---|---|---|---|---|
| GJJN070012642025 | સત્યમેવ જયતે | રજુ તારીખ : | 26 | 09 | 2025 |
| | | દાખલ તારીખ : | 26 | 09 | 2025 |
| | | ફેસલ તારીખ : | 28 | 07 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 00 | 10 | 02 |
| | | આંક : | | | |

**-:નમુનો-અ:-**

## મહે. જુનાગઢના ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ.

**ચુકાદાની તા. ૨૮/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૮૮૫/૨૦૨૫**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૮૨૫૦૩૪૪/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપી પક્ષ | (૧) કલ્પેશ જીતુભાઈ મેવાડા,<br>ઉ.વ.૨૪, ધંધો-મજૂરી,<br>રહે. માંગરોળ, વણકરવાસ, જલારામ મંદિર પાસે,<br>તા.માંગરોળ, જિ.જૂનાગઢ.<br>(૨) ભાવેશ મનોજભાઈ પરમાર,<br>ઉ.વ. ૨૫, ધંધો-મજૂરી,<br>રહે. માંગરોળ, વણકરવાસ, શાપુર ગેટ,<br>તા.માંગરોળ, જિ.જૂનાગઢ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી: | શ્રી.વિ.વ.શ્રી. ડી.એસ.ગોહેલ |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૫ |

| | |
|---|---|
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૯/૦૯/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

## –:આરોપીની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કલ્પેશ જીતુભાઈ મેવાડા | | | બી.એન.એસ. ની કલમ – ૧૧૫(૨), ૧૧૮(૧) ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ | નિર્દોષ | –– | –– |
| ૨ | ભાવેશ મનોજભાઈ પરમાર | | | –''– | –''– | –– | –– |

## –:નમુનો–ક:–

## :: સાહેદો નુ લીસ્ટ::

**અ.ફરીયાદ પક્ષ તરફે સાહેદો :**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૦૭ | શીવમ ભોલાભાઈ પરમારની જુબાની | ફરિયાદી |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

### અ. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૦૮ | ફરિયાદ |
| ડી.૨ | ૦૯ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૧૦ | શરીર સ્થિતીનું પંચનામું |
| ડી.૪ | ૧૧ | ફરિયાદીનું સી.એચ.સી., માંગરોળનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૧૨ | ફરિયાદીનું જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, જૂનાગઢનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૧૩ | જાહેરનામું |
| ડી.૬ | ૧૪ | કલોઝીંગ પુરસીશ |

### બ. બચાવ પક્ષ :

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ......... | ......... |
| બ.સ.૧ | ......... | ......... |

### ક. ન્યાયાલય પક્ષ :

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | ......... | ......... |
| ન્યા.સ.૧ | ......... | ......... |

### ડ. ભૌતિક પદાર્થ :

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | ચાકુ–૦૧ |
| ૨. | ભૌ.પ.૨ | લાકડી–૦૧ |

**-:: ચુ કા દો ::-**

(૧) **ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :-** આ કામના આરોપીઓએ ગઈ તા. ૧૮/૦૭/૨૦૨૫ નારોજ આશરે નવેક વાગ્યાના અરસામાં માંગરોળ વણકરવાસમાં આંબેડકર ભવન ખાતે ડેલાની અંદર આ કામના ફરિયાદીને આ કામના આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો કાઢી અને આરોપી નં.(૧) કલ્પેશે આ કામના ફરિયાદીને નાની છરી વડે છાતીના ભાગે તથા પેટના ભાગે ચેકા મારી તથા આરોપી નં.(૨) મનોજ એ આ કામના ફરિયાદીને રહેલ લાકડી વડે શરીરમાં માર મારી એકબીજાને મદદગારી મહે.જિલ્લા મેજિ.સાહેબ, જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ હોય બનાવની આ કામના ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરેલી.

(૨) **ફરિયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :-** ફરિયાદીની ફરિયાદ અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૫૦૩૪૪/ ૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૧૯૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :-** આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે બી.એન.એસ.એસ.ની કલમ-૨૧૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક-૦૫ તથા આંક-૦૬ થી પ્લી રેકર્ડ

કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ.

(૪) આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસના સમથનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીનું વિશેષ નિવેદન :–** ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓ ને ખુલાસો કરવા તક આપી આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષના વિ.વકીલ શ્રી ડી.એસ.ગોહેલની મૌખિક દલીલો સાંભળી.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | **મુદ્દા** |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ સ્પષ્ટ અને શંકા રહિત પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૧૮/૦૭/૨૦૨૫ આશરે નવેક વાગ્યાના અરસામાં માંગરોળ વણકરવાસમાં આંબેડકર ભવન ખાતે ડેલાની અંદર આ કામના ફરિયાદીને આ કામના આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો કાઢી અને આરોપી નં.(૧) કલ્પેશે આ કામના ફરિયાદીને નાની છરી વડે છાતીના ભાગે તથા પેટના ભાગે ચેકા મારી તથા આરોપી નં.(૨) મનોજ એ આ કામના ફરિયાદીને રહેલ લાકડી વડે શરીરમાં માર મારી એકબીજાને મદદગારી કરી |

| | |
|---|---|
| | મહે.જિલ્લા મેજી.સાહેબ, જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાંનો ભંગ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૧૫ (૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

## (૮) મુદ્દાઓના નિર્ણય :

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## (૯) નિર્ણય માટેના કારણો

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧) ફરિયાદીનો પુરાવો :–** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૦૭** થી **ફરિયાદી શીવમ ભોલાભાઈ પરમારને** તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલનો બનાાવ આજથી એક વર્ષ પહેલા બનેલ. બનાવ સમયે આરોપી સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલ વિશેષ કાઈ બનેલ નહી. બનાવ સમયે માણસો ભેગા થઈ જતા ધકા મુકીમાં પડી જતાં તેમને ઈજા થયેલ જેથી તેઓએ હોસ્પિટલમાં સારવાર લીધેલ. બનાવની તેઓએ પોલીસમાં ફરિયાદ આપેલ જે અસલ ફરિયાદ તેમને બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૦૮ થી રજુ રાખેલ છે. આરોપીઓ સાથે હાલ તેઓને કોઈ મનદુ:ખ કે મતભેદ નથી. આરોપીઓને જોઈને ઓળખી શકે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર ફરિયાદી બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય

બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નહી. માણસો ભેગા થતા ધકા મુકીમાં પડી જવાથી તેમને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓએ તેમને ગાળો આપેલ નથી કે સ્વેચ્છા પૂર્વક માર મારી ગંભીર ઈજા કરેલ નથી. દવાખાને સારવાર લીધા સિવાય તેમને ડોકટર સાથે અન્ય કોઈ વાતચીત થયેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

(૧૦) આમ, ફરિયાદ પક્ષનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે આંક –૦૭ થી રજુ થયેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં સદર કામે તપાસેલ ફરિયાદી ફરી ગયેલ જાહેર થયેલ છે અને ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી તેમજ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નહી. માણસો ભેગા થતા ધકા મુકીમાં પડી જવાથી તેમને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓએ તેમને ગાળો આપેલ નથી કે સ્વેચ્છા પૂર્વક માર મારી ગંભીર ઈજા કરેલ નથી. દવાખાને સારવાર લીધા સિવાય તેમને ડોકટર સાથે અન્ય કોઈ વાતચીત થયેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નથી. જેથી ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલ વિશેષ કાઈ બનેલ નહી, બનાવ સમયે માણસો ભેગા થઈ જતા ધકા મુકીમાં પડી જતાં તેમને ઈજા થયેલ પોલીસે તૈયાર ફરિયાદમા ફરિયાદીને સહી કરવાનુ કહેતા ફરિયાદીએ સહી કરી આપેલી હોવાનુ અને પોલીસે ફકત ફરિયાદીનુ નામ, સરનામુ પુછેલુ હોવાનુ તે સિવાય બીજુ કશુ પુછેલ નહી, તેવુ ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા પુરવાર થતુ હોય ફરિયાદીના સમગ્ર પુરાવાના આધારે આંક–૦૮ ની ફરિયાદની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. જેથી સદર કામે ખુદ ફરિયાદીના પુરાવાથી તેઓની ફરિયાદ હકીકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોવાનું જણાય આવે છે. આમ, સદર ફરિયાદીએ આરોપીઓએ તેમને છરી તથા લાકડી વડે સ્વેચ્છાપુર્વક માર મારી ગંભીર ઈજા

પહોચાડેલ હોવા સબંધે કોઈ પુરાવો આપેલ નથી. જેથી આરોપીઓ સામેનો ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહીં.

**(૧૧)** વધુમાં, આરોપીઓએ ફરિયાદીને જાહેર જગ્યા પર કોઈ ગાળો આપેલ હોય તો તે કેવા પ્રકારની ગાળો આપેલ, તેના શબ્દો શું હતા તે સંબંધે કોઈ જ પુરાવો ફરિયાદીએ આપેલ નથી. તે જોતા, ફરિયાદીનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદીના પુરાવા પરથી હાલના આરોપીઓ સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, ત્યારે આરોપીઓ સામેનો ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૯૬(બી) મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૯૬(બી) ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૨)** વધુમાં સદર કામે આંક–૦૯ થી બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૦ થી શરીર સ્થિતીનું પંચનામું, આંક–૧૧ તથા આંક–૧૨ થી ફરિયાદીના મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૩ થી જાહેરનામુ બચાવ પક્ષની કબુલાતથી આંકે આપવામાં આવેલ છે, જેને ઘ્યાને લેતા બનાવવાળી જગ્યાની સ્થળ સ્થિતી, બનાવમાં ઉપયોગ કરેલ લાકડી તથા છરી કબજે કરેલ હોવાનુ, ફરિયાદીને ઈજા થયેલ હોવાનુ અને બનાવ વખતે મહે.અધિક જિલ્લા મેજિ. શ્રીનુ જાહેરનામુ અમલમાં હોવાનુ પુરવાર થાય છે, પરંતુ ફરિયાદીને આ કામના આરોપીઓએ લાકડી તથા છરી વડે સ્વેચ્છાપુર્વક માર મારી ગંભીર ઈજા પહોચાડી આક્ષેપીત ગુનો કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

**(૧૩)** ફરિયાદપક્ષ તરફે બાદમાં આંક–૧૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, વિશેષ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં **૧૯૯૬(૯) એસ.સી.સી. ૭૬૬, સતીષ મેહરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ**ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ''જયારે જજને ચોકકસ પણે એમ લાગે કે કેસના

સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરીણામશે નહી, ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીજર પુરી કરવા માટે વેડફવો નહી'' તે સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ બાકીના સાહેદોને ફરીયાદપક્ષ તપાસવા માંગતા નથી તે હકીકત ધ્યાને લેતા વધારાના અન્ય સાહેદોને તપાસવાથી પણ હાલના કેસના ન્યાયીક નિર્ણયમાં કોઈ મદદરૂપ થાય તેમ ન હોય કે ન્યાયીક નિર્ણયમાં કોઈ ફેર પડે તેમ જણાતું ન હોય તેથી ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ-૧૩૯ ની જોગવાઈ તથા ફરિયાદપક્ષે આંક-૧૪ થી રજુ કરેલ પુરાવો બંધ કરવાની પુરસીસ ધ્યાને લેતાં, હાલના કામે વધારાના સાહેદ તપાસવામાં આવેલ નથી.ધુમાં **૧૯૯૬(૯)**

**(૧૪)** આમ ફરિયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદીના પુરાવાથી ફરિયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરિયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત ફલિત થતી નથી. જેથી ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીઓને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આરોપીઓએ ગઈ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ આશરે નવેક વાગ્યાના અરસામાં માંગરોળ વણકરવાસમાં આંબેડકર ભવન ખાતે ડેલાની અંદર આ કામના ફરિયાદીને આ કામના આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો કાઢી અને આરોપી નં.(૧) કલ્પેશે આ કામના ફરિયાદીને નાની છરી વડે છાતીના ભાગે તથા પેટના ભાગે ચેકા મારી તથા આરોપી નં.(૨) મનોજ એ આ કામના ફરિયાદીને રહેલ લાકડી વડે શરીરમાં માર મારી એકબીજાને મદદગારી મહે.જિલ્લા મેજિ.સાહેબ, જૂનાગઢ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ અન્વયેના આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો કેસ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય ''**નકારમાં**'' આપી, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

**(એ)** આ કામના આરોપી નં.(૧) કલ્પેશ જીતુભાઈ મેવાડા, રહે. માંગરોળ, વણકરવાસ, જલારામ મંદિર પાસે, તા.માંગરોળ, જિ.જૂનાગઢ, નં.(૨) ભાવેશ મનોજભાઈ પરમાર, રહે. માંગરોળ, વણકરવાસ, શાપુર ગેટ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ વાળાઓને તેઓ વિરૂધ્ધ આક્ષેપીત ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(બી)** આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(સી)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(૧) મુજબ દરેક આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજરોજ **તારીખ : ૨૮ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૨૮/૦૭/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ
**(GJ-01286)**